# MEDIA BUZZ

વડોદરામાં એક્સપોર્ટ મટિરિયલ વેરહાઉસ ઉભું કરાશે : કે.સી.રાઉત

## કેન્દ્ર સરકારે છેલ્લાં ૨-૩ વર્ષમાં નિકાસમાં વૃદ્ધિ પર ભાર મૂક્યો

### ફાર્મા, કેમિકલ સહિતના ક્લસ્ટરમાં નિકાસ ઉત્તેજન માટે ચર્ચા

વડોદરા, તા.૨૬

કેન્દ્ર સરકારે છેલ્લાં ૨-૩ વર્ષમાં નિકાસ વૃદ્ધિ પર ભાર મૂક્યો છે. વડોદરામાં એક્સપોર્ટ મટિરિયલ વેરહાઉસ ઉભું કરવા દરખાસ્ત મૂકાઈ છે. સમગ્ર સરકાર નોન ટેરિફ મેજર્સ ઉપર પણ પગલાં લઈ રહી છે. ભારતની સાફ્ટા, આશિયાન, સિંગાપોર, સાઉથ કોરિયા સહિતના દેશો સાથેની વેપાર સંધિઓ નિકાસના ઉત્તેજન માટે છે. તેમ આજે હોટલ સૂર્યા પેલેસ ખાતે એફજીઆઈના ઉપક્રમે સ્ટ્રેટેજિસ એન્ડ ફ્યૂચર રોડ મેપ ફોર એક્સપોર્ટ ગ્રોથ કાર્યક્રમમાં ડીજીએફટીના એડિશનલ ડિરેક્ટર જનરલ કે.સી. રાઉતે જણાવ્યું હતું.

એન્ટી ડમ્પિંગ ડ્યૂટી પણ નાખવામાં આવે છે. કેટલાક દેશો તેમની નિકાસ વધે તે માટે નિકાસ સબસિડી આપતા હોય છે તેવા કિસ્સા ઉપર પણ નજર રાખવામાં આવે છે.

વડોદરા ખાતેના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ ડો.આશિષ કુમાર દાસે જણાવ્યું હતું કે, નિકાસને ઉત્તેજન માટે વડોદરાનાં જિલ્લા ક્લેક્ટર સાથે પણ અગાઉ બેઠક યોજવામાં આવી છે. પોટેન્શિયલ એક્સપોર્ટ ધરાવતા વિષયોમાં પગલાં કેમિકલ, ફાર્મા સહિતની નિકાસનું ક્લસ્ટર છે ત્યારે હજી પણ નિકાસકારો તેમની રજૂઆત કરે તો પગલાં લેવાશે.

હવે રાજ્ય સરકારો પણ તેમના નિકાસ કમિશનરની નિમણૂક કરે છે. જે રાજ્યની નિકાસની વધુ વૃદ્ધિ થાય તે માટે પગલાં લેતાં હોય છે. FGIના પ્રમુખ નીતિન માંકડે જણાવ્યું હતું કે, નિકાસને ઉત્તેજન માટે પગલાં જરૂરી છે. એફજીઆઈ દ્વારા નિકાસકારોના પ્રશ્નોની રજૂઆતો પણ યોગ્ય સ્તરે કરવામાં આવે છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડના ડિરેક્ટર ડો.મનોજ પંત અને એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સીના ડે.ડિરેક્ટર સી.બી. કોટકે સરકારની યોજનાઓની માહિતી આપી હતી. નાસિન વડોદરાના સુપરિન્ટેન્ડેન્ટ સંજય સારસ્વતે નિકાસકારોને જીએસટીના નવા દાયરામાં શું ધ્યાન રાખવું તે સહિતની

SUNDAY, 27•05•2018

### આઇઆઇએફટીનું વડોદરામાં સેન્ટર લાવવા એફજીઆઇનો ટેકો

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડનું વડોદરામાં સેન્ટર હોવું જોઇએ તેવી રજૂઆત નિકાસકારોએ કરતાં એફજીઆઇએ તેનો ટેકો

નિકાસ એ ગુજરાત રાજ્યની જીવાદોરી છે

## ભારત દેશની કુલ નિકાસમાં રાજ્યનો હિસ્સો ૧૭.૨ ટકા

### નિકાસકારોનાં હિતને જાળવવાની દિશામાં સરકાર પ્રયત્નશીલ

વડોદરા, તા. ૨૬

ગુજરાતની જીવાદોરી નિકાસ છે. ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૧૭.૨ ટકા છે ત્યારે ગુજરાતના વેપાર-ઉદ્યોગોને નિકાસમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા સરકાર પગલાં લઈ રહી છે. નિકાસકારો સાથે સીધા સંવાદ બાદ જરૂરી પગલાં લેવામાં આવે છે. સરકારે વિદેશમાંથી જો ડમ્પિંગ થતું હોય અને સ્થાનિક ઉદ્યોગોને હાનિ પહોંચતી રોકવા બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં પણ વધારો કરે છે.

### પેટ્રોલિયમ ભાવ વધારો મુશ્કેલી લાવશે

પેટ્રોલિયમનો ભાવ વધારો નિકાસકારો માટે મુશ્કેલી લાવશે. ભારતની નિકાસ સ્પર્ધાત્મકતામાં ઘટાડો પણ થશે. છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલિયમ પ્રોડક્ટમાં સતત ભાવ વધારો થઇ રહ્યો છે.

### રાજ્યમાં રિજિનલ ટ્રેડ સેન્ટર ઉભા કરાશે

કેન્દ્ર સરકારને એમએસએમઇ પણ નિકાસ કરી શકે તે માટે જિલ્લા અને તાલુકા સ્થળે પહોંચવું છે. રિજનલ ટ્રેડ સેન્ટર ઉભા કરવા છે. જેથી તમામ પ્રોડક્ટની નિકાસ થઇ શકે.

### ઈયુના દેશોમાં નિકાસ લાઇસન્સ માટે ₹૫૦ લાખની ફી

યુરોપિયન દેશોમાં નિકાસ કરવા માટે મુશ્કેલી ... જણાવ્યું હતુંકે, નિકાસ લાયસન્સ માટે રૂ.૫૦ ...

મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટોરેટની મુલાકાત

## વડોદરામાં આંતરરાષ્ટ્રીય વેર હાઉસ બનાવાશે : કે.સી.રાઉત

સિટી રિપોર્ટર | વડોદરા

કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મિનિસ્ટર સુરેશ પ્રભુએ 2025 સુધીમાં દેશના જી.ડી.પી નો 40% હિસ્સો એક્સપોર્ટમાંથી આવે તેવો લક્ષ્યાંક રજૂ કર્યો હતો. જેના ભાગરૂપે મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હેઠળ આવતા ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ અને ડેપ્યુટી ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ શનિવારના રોજ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જ્યાં હાજર ઉદ્યોગપતિઓ સાથે

શહેરમાં શનિવારના રોજ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યોજાયેલ કોન્ફરન્સમાં ડી.જે.એફ.ટી કે.સી.રાઉત તેમજ રાજ્યકક્ષાના ડેપ્યુટી ડી.જે.એફ.ટી ડૉ. આશિષકુમાર દાસ હાજર રહ્યા હતા. ઉદ્યોગપતિઓ સાથે વાતચીત દરમ્યાન ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ કે.સી. રાઉતે વડોદરામાં એક્સપોર્ટ ક્વોલિટીનું મટીરીયલ સ્ટોર કરી શકાય તે તે માટે વેર હાઉસ બનશે તેવી જાહેરાત કરી હતી. આ સાથે તમામ રાજ્યોમાં નિકાસ અને વેપાર વધે તે માટે રિજનલ ટ્રેડ સેન્ટર શ...

Indian Express 1st July - 2018



...gadarshan celebrated 4th International Yoga day on June 21, 2018 under the aegis of FSSI and FGI ...dodara. The function was presided over by FGI president Mr Nitin Mankad, FSSI President Mr ...ankesh Patel and Navrachna education trust chairperson Mrs Tejal Amin. They encouraged all the ...g sadhakas. The yog sadhakas performed a unique yoga dance and various asanas under the ...idance of Mrs Smita Shah of Yogadarshan.

TIMES OF INDIA - 20/06/18

**HEALTH — FGI, YOGDARSHAN TO CELEBRATE YOGA DAY**



Federation of Gujarat Industries (FGI) has joined hands with Yogdarshan, a health centre run by Smita Shah, one of the disciples of renowned Yoga Guruji BKS Iyengar, to celebrate International Yoga Day on June 21. Incidentally, this year happens to be the centenary year of BKS Iyengar. It was established in 2001 and currently has about 100 students / sadhaks ranging from young children to senior citizens. About 60 people of various ages will be performing certain asanas and there will be some individual yoga dance performances too. FGI President Nitin Maukad and Navrachana Education Trust Chairperson Tejal Amin will grace the occasion.

DIVYA BHASKAR - 23/06/...



